અનુસૂચિત જાતિઓની કુમારીકાઓના
લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
ઠરાવ નંએસ.સી.ડબ્લ્યુ /૧૦/૨૦૧૫/૫૭૫૩૦૬/ગ,
તા.૨૪/૧૦/૨૦૧૬

વંચાણે લીધા.

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ)સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૬૪૫/જ, તા.૮/૫/૯૧.
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,(સમાજ કલ્યાણ પ્રભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૧૬૯૩/જ તા.૧/૮/૯૧
(3) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૩૪૬૨/જ, તા.૬/૧/૯૨
(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૯૭૫/જ, તા.૨/૫/૯૫.
(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૯૭૫/(૯૫) ૨/ઝ, તા.૨૦/૧૦/૯૫.
(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૫/મ.ન./૬૯/ઝ તા.૧૧/૧૨/૯૫
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું /૧૦૨૦૦૩/૨૨૫૨/ગ,તા.૨૨/૨/૦૬
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.અજાક/૧૩૦૮/ન.બા-૩૧/ગ, તા.૨૯/૩/૨૦૦૮
(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો પત્ર નં.અજાક/ ૧૩૦૮/૧૧૦૯/ગ,તા.૩૧/૫/૨૦૦૮
(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. અજાક/ ૧૩૦૮/ન.બા /૩૧/ગ, તા.૭/૭/૨૦૦૯
(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક: અજાક/ ૧૦૨૦૧૧ /૧૧૯/ગ, તા.૪/૪/૨૦૧૧
(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. અજાક/ ૧૩૦૮/ન.બા/૩૧/ગ,તા.૧૩/૪/૨૦૧૨
(૧૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક .અજાક /૧૦/ ૨૦૧૧ /૭૭૩૦૩૫/ગ.તા.૧૬/૦૬/૨૦૧૨

(૧૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યુ /૧૦૨૦૧૩/ ૮૨૫૬૧૪/ગ, તા.૭/૮/૨૦૧૪

(૧૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.સશપ/ ૧૦૨૦૧૪/ ૪૩૮/અ.૧, તા.૭/૮/૨૦૧૪

ઠરાવ :-

અનુસુચિત જાતિના કુટુંબની કન્યાના લગ્ન પ્રસંગે મામેરા – મંગળસુત્રની યોજના ને બદલે કુંવરબાઇ નુ મામેરૂ નામની નવી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.આમુખ માં દર્શાવેલ ક્રમાંક – ૧૩ ના તા. ૧૬/૦૬/૨૦૧૨ ના ઠરાવથી અગાઉના ક્રમાંક ૧ થી ૧૨ પરના તમામ ઠરાવો / પરિપત્રો / હુકમ રદ કરવામાં આવ્યા છે. તેને બદલે નીચે પ્રમાણેનો સંકલિત ઠરાવ અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સહાયની રકમ

અનુસૂચિત જાતિના કુંટુંબની કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ રૂા.૧૦,૦૦૦/-(દશ હજાર પૂરા)ની રકમ લાભાર્થી કન્યાને ચેકથી ચુકવવાની રહેશે.રોકડ સહાય ને બદલે બચત પ્રમાણપત્ર લાભાર્થીઓને આપવાની બાબતે વિચારણા નિયામકશ્રીએ સરકારશ્રીની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ યોજનાનો લાભ નીચેની શરતોને આધિન આપવાનો રહેશે.

(૧) આ યોજનાનો લાભ અનુ.જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર છે.

(૨) કુમારીકાના માતા/પિતા/વાલીની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂા.૬૮૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭૦૦૦/-થી વધુ ન હોવી જોઇએ.આ ઠરાવમાં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ પાસેથી મેળવેલ વાર્ષિક આવકના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

(૩) કુટુંબ દીઠ બે પુખ્તવયની કન્યાઓ (દિકરીઓ)ના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે.પુનઃલગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૪) આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણી પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(૫) આ નવી યોજના તા. ૦૧/૦૪/૨૦૧૨ થી અમલમાં આવતી હોય,આ યોજનાનો લાભ મેળવવા અંગે તા. ૦૧/૦૧/૨૦૧૨ પહેલા મળેલ અરજીઓ પૈકી પડતર અરજીઓનો નિકાલ જુની યોજનામાં દર્શાવેલ જોગવાઇઓ મુજબ જ કરવાનો રહેશે.

(૬) લગ્ન કરનાર કન્યા અને યુવકના ઉંમરના પુરાવા ફરજીયાત રજુ કરવાના રહેશે.

(૭) લગ્ન કરનાર કન્યાનો સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૮) લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજુ કરવાનો રહેશે.

(૯) આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે નિયત અરજી પત્રકમાં જરૂરી વિગતો આધાર-પુરાવા સહ અરજી કરવાની રહેશે. આ અંગેના અરજી પત્રક,એકરારનામા,આવકના દાખલા તથા બાંહેધરી પત્રકના નમુના આ ઠરાવ સાથે સામેલ નમુના મુજબના રહેશે.

(૧૦) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ/ કુમારીકાએ લગ્ન કર્યાના બે વર્ષની અંદર સંબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે. મુદત બહાર મળેલ અરજીઓ નામંજુર કરવાની રહશે

(૧૧) સમૂહ લગ્નમાં ભાગ લેનાર લાભાર્થી કન્યા સાત ફેરા સમૂહ લગ્ન યોજના તેમજ કુંવરબાઇનું મામેરું યોજનાની તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તો આ બંન્ને યોજનાઓ હેઠળ લાભ મેળવવા પાત્ર ઠરશે.

<u>આવક અંગેનો દાખલો નીચેના અધિકારીઓ/પદાધિકારીઓ પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) તલાટી-કમ-મંત્રી

(૨) સંબંધિત ગ્રામ/નગર પંચાયતના સરપંચ

(૩) સંબંધિત તાલુકાના નાયબ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી

(૪) સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને મામલતદાર

(૫) સંબંધિત જિલ્લા/તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન,

(૬) સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ,

(૭) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ રાજ્ય પત્રિત અધિકારી

(૮) સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી

(૯) સંબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર અને કલેક્ટર

(૧૦)સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રી

(૧૧) નગર પંચાયતના સેક્રેટરી

(૧૨) સંબંધિત નગરપાલીકાના ચીફ ઓફિસર,

(૧૩) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના અનુ.જાતિના મ્યુનિ.કાઉન્સીલર/મ્યુનિ.કોર્પોરેટર

(૧૪) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ

(૧૫) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના મેયરશ્રી/ડેપ્યુટી મેયરશ્રી,

<u>જાતિ અંગેનો દાખલો નીચેના અધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/વધારાના નાયબ કમિશ્નર/ નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) /તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ

(૩) સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

(૪) મામલતદારથી નીચેની કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ

(૫) ઉમેદવાર અથવા તેનું કુંટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૬) વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ./તાલુકા વિકાસ અધિકારીઓ.

(૮) નાયબ નિયામક,અનુ.જાતિ કલ્યાણ,વર્ગ-૧.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે કરવાનો રહેશે અને ચાલુ વર્ષની પ્લાન સીલીંગની મર્યાદામાંથી મેળવવાનો રહેશે.

બજેટહેડ

"માંગણી ક્રમાંક : ૯૨ મુખ્ય સદર ૨૨૨૫ , અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પચાત વર્ગોનુ કલ્યાણ મુખ્ય પેટા સદર- ૦૧ અનુસુચિત જાતિઓનુ કલ્યાણ,ગૌણ સદર - ૮૦૦ અન્ય ખર્ચ (૦૬) બી.સી.કે ૫૫ અનુસુચિત જાતિ પેટા યોજના અનુ.જાતિની કન્યાઓને કુંવરબાઇનુ મામેરાની નાણાંકીય સહાય સદર હેઠળ ઉધારવાના રહેશે".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સહી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, અજાક, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)

સર્વે.સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) નિયામકશ્રી (અજાક)મારફત)

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)

બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત સફાઇકામદાર વિકાસ નિયમ ગાંધીનગર.

સિલેકટ ફાઇલ

ગુજરાત સરકાર

વિના મૂલ્યે

## અનુસૂચિત જાતિ કલ્યાણ

## અનુસૂચિત જાતિઓની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાંકીય સહાય મેળવવા માટેનું અરજી પત્રક

---

વર કન્યાનો લગ્ન સમયનો સંયુકત કલર ફોટો

(૧) લગ્ન કરનાર કન્યાનું પુરેપુરૂ નામ અને
સરનામુ.
ટેલીફોન નંબર/ મોબાઇલ નંબર

(૨) લગ્ન કરનાર કન્યાના પિતા
વાલીનું નામ અને સરનામું
ટે.નં./મોબાઈલ નંબર

(૩) લગ્ન કરનાર કન્યાના મા-બાપ વાલીની બધા સાધનોની મળીને વાર્ષિક આવક
(સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ વાર્ષિક આવકનો દાખલો જોડવો)

(૪) લગ્ન કરનાર કન્યાના પિતાના
બાળકોની સંખ્યા તેમાં
પુત્ર -
પુત્રી -
કુલ સંખ્યા -

(૫) લગ્ન કરનાર કન્યાની જાતિ/પેટા જાતિ (સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જોડવું)

(૬) કન્યાની જન્મ તારીખ
(શાળા છોડયાનો દાખલો, જન્મ નોંધણીના દાખલાની ખરી નકલ, અભણ વ્યક્તિના કિસ્સામાં સરકારી ડોક્ટરનું પ્રમાણપત્ર જોડવું.)

(૭) લગ્નની તારીખ.

(૮) લગ્નના દિવસે કન્યાની ઉંમર ..................વર્ષ..........................માસ......................દિવસ

(૯) લગ્ન જે યુવક સાથે થયા હોય તેનું પુરેપુરૂ નામ અને સરનામુ.
ટેલીફોન નંબર/ મોબાઇલ નંબર

(૧૦) વરની જન્મ તારીખ
(શાળા છોડયાનો દાખલો, જન્મ નોંધણીના દાખલાની ખરી નકલ, અભણ વ્યક્તિના કિસ્સામાં સરકારી ડોક્ટરનું પ્રમાણપત્ર જોડવું.)

(૧૧) લગ્નના દિવસે વરની ઉંમર ..................વર્ષ..........................માસ......................દિવસ

(૧૨) લગ્ન કરનાર કન્યાના મા-બાપ વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી. તેવુ બાંહેધરી પત્રક સામેલ કરવું.

કન્યાની સહી

# એ ક રા ર ના મું

આથી ખાતરીપૂર્વક જણાવું છું કે મારી પુત્રી/પાલ્ય, નામે ........................................................................................
ના લગ્ન તારીખ............................................................ના રોજ થયા છે.તેનો હું એકરાર કરૂ છું.

કન્યાના પિતા/વાલીની સહી અથવા

અંગુઠાનું નિશાન

<u>અરજી સાથે જોડવાના આધાર-પુરાવાઓ</u>

(૧) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાનો જાતિનો દાખલો

(૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવક નો દાખલો

(૩) કન્યાની જન્મ તારીખના આધારો

(૪) વરની જન્મ તારીખના આધારો. — અભણ વ્યક્તિના કીસ્સામાં સરકારી ડોક્ટરનું પ્રમાણપત્ર

(૫) કન્યાના ચૂંટણી ઓળખકાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ, ઘરવેરાની પાવતી,વીજળી બીલ પૈકી કોઈપણ એક

(૬) વર કન્યાનો સંયુક્ત કલર ફોટોગ્રાફ.

(૭) લગ્નની કંકોત્રી અથવા આધાર.

(૮) લગ્ન નોંધણી પ્રમાણપત્ર

## <u>બાંહેધરી પત્રક</u>

અમો નીચે સહી કરનાર શ્રી.................................................................................................................
અને .......................................................................................................આથી બાંહેધરી આપીએ છીએ કે ગુજરાત સરકારશ્રીની સંતતિ નિયમન અંગેની નીતિનું અમે પાલન કરીશું.

સ્થળઃ

તારીખઃ

(૧).......................................

કન્યાની સહી

(૨).......................................

વરની સહી

## બાંહેધરીપત્રક

અનુ.જાતિના કુટુંબની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ હજાર પુરા) મેળવવા માટે હું શ્રી..........ગામ..........
તાલુકો..........જિલ્લો..........જાતે..........ઉંમર..........
વર્ષ બાંહેધરી લખી આપું છું કે મારે .......... કન્યાઓ (પુત્રીઓ) છે. તેમાંથી .......... પુત્રીઓ (કન્યાઓ)ના લગ્ન થયા છે. તેમના લગ્ન પ્રસંગે અથવા આ કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય મળી નથી. મારી આ પુત્રી નામે .......... ..........ના લગ્ન તારીખ..........ના રોજ થયા છે.તેના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ લીધેલ નથી.તેવું ખાતરીપૂર્વક જણાવીને બાંહેધરી આપું છું. કે

કુંવરબાઈનું મામેરૂ યોજનાનો એક જ કુટુંબમાં ગમે તેટલી કન્યાઓ હોય તેમાંથી એક જ કન્યાના લગ્ન પ્રસંગે યોજનાનો લાભ મળે છે.તે હુ જાણું છું.અને એકથી વધારે પુત્રીઓ/કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજનાનો અમોએ લાભ લીધેલ નથી.જો ખોટો એકરાર સાબિત થાય તો સરકારશ્રી મારી સામે છેતરપીંડી અંગે ફોજદારી રાહે પણ પગલાં લઇ શકશે. અને મને મળેલ રોકડ રકમ અને તેના પર થતી વ્યાજની રકમ સહિત પાછી ભરવાની હું આથી લેખિત બાંહેધરી આપું છું.

સ્થળ:

તારીખ:

કન્યાના પિતા/વાલીની સહી અથવા અંગુઠાનું નિશાન

નોંધઃ-

(૧) વાલીના એકરારનામામાં પાલ્ય પુત્રી અંગે અનુરૂપ સુધારો કરી બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૨) આ અરજીમાં જરૂરી વિગતો ભરી આધાર-પુરાવા સહ સમાજ કલ્યાણ નિરીક્ષક મારફત તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારને
મોકલવાની રહેશે.

લાગુ ન પડતુ છેકી નાખવું.

## આવકનું પ્રમાણપત્ર

તા..........

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી..........ગામ..........
તા..........જિ..........ના રહેવાસી છે. તેમના કુટુંબની વર્ષ..........ની કુલ વાર્ષિક આવક રૂા..........(અંકે રૂપિયા..........પુરા) છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી:

સિક્કો:

## સમાજ કલ્યાણ નિરીક્ષકનો અભિપ્રાય

અરજદારની અરજીમાં દર્શાવેલ વિગતોની મેં જાતે સ્થળ પર જઈ ચકાસણી કરી ખાત્રી કરેલ છે. અને મને અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી જણાયેલ છે. તેથી આ અરજી મંજુર કરવા ભલામણ છે.

અરજદારની વિગતો

(૧)....................................(૨)......................................(૩)................................................ સાચી જણાયેલ નથી. તેમજ.............................................................................................................................

કારણોસર આ અરજી નામંજુર કરવા ભલામણ છે.

સ્થળ: સમાજ કલ્યાણ નિરીક્ષક

તારીખ: તાલુકો.......................

જિલ્લો.......................

## (અ) આ યોજનાની શરતો.

(૧) આ યોજનાનો લાભ અનુ.જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર છે.

(૨) કુમારીકાના માતા/પિતા/વાલીની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ.૬૮૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.આ ઠરાવમાં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ પાસેથી મેળવેલ વાર્ષિક આવકના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

(૩) કુટુંબની પુખ્તવયની કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે.પુનઃલગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૪) આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણી પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(૫) આ નવી યોજના તા.૧/૪/૨૦૧૨થી અમલમાં આવતી હોય, આ યોજનાનો લાભ મેળવવા અંગે તા.૧/૪/૧૨ પહેલાં મળેલ અરજીઓ પૈકી પડતર અરજીઓનો નિકાલ જુની યોજનામાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ જ કરવાનો રહેશે.

(૬) લગ્ન કરનાર કન્યા અને યુવકના ઉંમરના પુરાવા ફરજીયાત રજુ કરવાના રહેશે.

(૭) લગ્ન કરનાર કન્યાનો સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૮) લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજુ કરવાનો રહેશે.

(૯) આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે નિયત અરજી પત્રકમાં જરૂરી વિગતો આધાર-પુરાવા સહ અરજી કરવાની રહેશે. આ અંગેના અરજી પત્રક,એકરારનામા તથા બાંહેધરી પત્રકના નમુના અનુક્રમે પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨, અને પરિશિષ્ટ-૩ મુજબના રહેશે.

(૧૦) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ/કુમારીકાએ લગ્ન કર્યાના બે વર્ષની અંદર સંબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે. મુદત બહાર મળેલ અરજીઓ નામંજુર કરવાની રહશે.

(બ) આવકનો દાખલો નીચે જણાવેલ અધિકૃત અધિકારી/પદાધિકારીઓ પૈકી કોઈપણ એકનો રજુ કરવાનો રહેશે.

(૧) તલાટી-કમ-મંત્રી
(૨) સંબંધિત ગ્રામ/નગર પંચાયતના સરપંચ
(૩) સંબંધિત તાલુકાના નાયબ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી
(૪) સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને મામલતદાર
(૫) સંબંધિત જિલ્લા/તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન,
(૬) સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ,
(૭) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ રાજ્ય પત્રિત અધિકારી
(૮) સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી
(૯) સંબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર અને કલેક્ટર
(૧૦)સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રી
(૧૧) નગર પંચાયતના સેક્રેટરી
(૧૨) સંબંધિત નગરપાલીકાના ચીફ ઓફિસર,
(૧૩) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના અનુ.જાતિના મ્યુનિ.કાઉન્સીલર/મ્યુનિ.કોર્પોરેટર
(૧૪) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ
(૧૫) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના મેયરશ્રી/ડેપ્યુટી મેયરશ્રી,

(ક) જાતિ અંગેનો દાખલો નીચેના અધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/વધારાના નાયબ કમિશ્નર/ નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) /તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.
(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ
(૩) સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.
(૪) મામલતદારથી નીચેની કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ
(૫) ઉમેદવાર અથવા તેનું કુંટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.
(૬) વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોષ ટાપુઓ.
(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ./તાલુકા વિકાસ અધિકારીઓ.
(૮) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ, વર્ગ-૧.
(૯) તકેદારી અધિકારી,વર્ગ-૧